# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 16-04-2024** **Evening : 7.50 to 8.00**

**Day : Tuesday** **National News**

### આકાશવાણી સમાચાર **જયેશ પટેલ** વાંચે છે.

***************************************************

- આચારસંહિતા લાગુ થયા બાદ વિવિધ રાજકીય પક્ષોએ ચૂંટણી પંચને કરી 200થી વધુ ફરિયાદો.....કેટલાંક મહિલા ઉમેદવાર સામે વાંધાજનક ટિપ્પણી મામલે નેતાઓને નોટિસ પાઠવી..
- લોકસભા ચૂંટણી પૂર્વે પ્રચાર અભિયાન તેજ, પ્રધાનમંત્રીએ પશ્ચિમ બંગાળમાં તૃણમૂલ કૉંગ્રેસ સામે દલિત અને આદિવાસી મહિલાઓ સાથે અન્યાય કર્યાનો આરોપ મૂક્યો..
- ઇઝરાયેલ-ઇરાન વચ્ચે સંઘર્ષ ઘેરાયું, આતરરાષ્ટ્રીય પરમાણુ ઊર્જા એજન્સી–IAEA એ ઇઝરાયેલ દ્વારા ઇરાનના પરમાણું સ્થાનો પર હુમલાની આશંકા વ્યક્ત કરી..
- આવતીકાલે ઉત્તર પૂર્વીય ભારતના કેટલાક ભાગોમાં કરાં સાથે છૂટાછવાયા વરસાદની આગાહી,.. જો કે, ગુજરાત, મહારાષ્ટ્ર અને ગોવામાં આવતીકાલથી હિટવેવનું હવામાન વિભાગનું અનુમાન..
- પાવર લિફ્ટિંગમાં 50 વર્ષિય એકતા બિશ્નોઈએ સ્થાપિત કર્યો નવો કિર્તીમાન.... 165 કિલોગ્રામ વજન ઉઠાવીને રજત ચંદ્રક અને કાસ્ય ચંદ્રક જીત્યો હતો.

************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# EC---POLITICAL-PARTIES

કેન્દ્રીય ચૂંટણી પંચે કહ્યું છે કે, આચારસંહિતા લાગુ થયા બાદ વિવિધ રાજકીય દળોના ઉમેદવાર તરફથી 200થી વધુ ફરિયાદો મળી છે. જેમાંથી 169 જેટલી ફરિયાદોમાં પગલાં લેવાયા છે.

ચૂંટણી પંચના જણાવ્યા અનુસાર, લોકસભા ચૂંટણી સંદર્ભે ભારતીય જનતા પાર્ટી તરફથી 51, કૉંગ્રેસ તરફથી 59 તેમજ અન્ય દળો તરફથી 90 જેટલી ફરિયાદો મળી છે. પંચે વિવિધ રાજકીય દળો અને ઉમેદવારો તરફથી આચાર સંહિતાના અનુસરણને લઈને સંતુષ્ટિ દર્શાવી છે. જો કે, કેટલાંક મહિલા ઉમેદવારો સામે વાંધાજનક ટિપ્પણી મામલે અમુક નેતાઓને નોટિસ પાઠવવામાં આવી છે.

# ELECTION CAMPING

લોકસભાની ચૂંટણીનો પ્રથમ તબકકો નજીક આવી રહ્યો છે ત્યારે વિવિધ પક્ષો દ્વારા પ્રચાર વેગીલો બન્યો છે. ભાજપ, કોંગ્રેસ, આપ સહિતના વિવિધ રાજકીય પક્ષો મતદારોને રીઝવવા એડીચોટીનું જોર લગાવી રહ્યા છે.

ભાજપના વરિષ્ઠ નેતા અને પ્રધાનમંત્રી મોદીએ પશ્ચિમ બંગાળના બાલુરઘાટમાં વિજય સંકલ્પ રેલીને સંબોધન કર્યું હતું. તેમણે કહ્યું કે, સરકારે પશ્ચિમ બંગાળના આદિવાસી લોકો માટે આઠ નવી શાળાઓ બનાવી, અને સરકાર ‘જનજાતીય ગૌરવ દિવસ’ની ઉજવણી કરે છે. તેમણે કહ્યું કે દેશના રાષ્ટ્રપતિ પણ આદિવાસી મહિલા છે. શ્રી મોદીએ તૃણમૂલ કૉંગ્રેસ સામે દલિત અને આદિવાસી મહિલાઓ સાથે અન્યાય

કરવાનો આરોપ મૂક્યો. તેમણે કહ્યું કે સરકાર સત્તામાં આવતા વધુ સોલાર પેનલ લગાવાશે, જેથી વીજળીનો પ્રશ્ન દૂર થશે. સાથે જ તેમણે રાજ્યમાં ત્રણ કરોડ ઘર બનાવવા માટેનું વચન આપ્યું. પ્રધાનમંત્રી મોદીએ અહીં રાયગંજ લોકસભા મત વિસ્તારમાં પણ રેલીને સંબોધન કર્યું હતું.

દરમિયાન, શ્રી મોદીએ આજે બિહારના ગયામાં આજે સવારે એક જનસભાને પણ સંબોધી હતી. આવતીકાલે શ્રી મોદી આસામના ગુવાહાટીમાં ચૂંટણી સભાને સંબોધશે.

તો ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી. નડ્ડાએ તમિલનાડુના રામનાથપુરમમાં રોડ-શોને સંબોધન કરતાં કહ્યું કે, મતદરોએ દેશના વિકાસને ધ્યાનમાં રાખીને મતદાનનો નિર્ણય લેવો જોઇએ.

ઉત્તરાખંડમાં, ભાજપના વરિષ્ઠ નેતા અને કેન્દ્રીય મંત્રી અમિત શાહે ઉત્તરાખંડના ગઢવાલ સંસદીય મતવિસ્તારમાં કોટદ્વાર ખાતે એક જાહેર સભામાં સંબોધન કર્યું...

ભાજપના નેતા અને કેન્દ્રીયમંત્રી અનુરાગ ઠાકુરે જમ્મૂ કાશ્મીરના કિશ્તવાડ જાહેર સભાને સંબોધન કર્યું હતું. તેમણે કોંગ્રેસ સામે પ્રહારો કરતા છેલ્લા 70 વર્ષોમાં રાજ્યના લોકો માટે કંઈ જ ન કરવાનો આરોપ મૂક્યો.

પ્રસાર ભારતીને આપેલા ઇન્ટરવ્યૂમાં તેમણે કહ્યું કે, છેલ્લા દસ વર્ષોમાં મોદી સરકારે જમ્મૂ કાશ્મીરમાં અનેક ક્ષેત્રે વિકાસ કર્યો છે. તેમણે કહ્યું કે આ વર્ષે જમ્મૂ-કાશ્મીરમાં ચૂંટણી યોજાશે, અને આ મુદ્દે ભાજપ તદ્દન સ્પષ્ટ છે.

તો ડીએમકે નેતા એમ.કે. સ્ટાલિને ચેન્નાઇમાં ચૂંટણી સભાને સંબોધી..

તૃણમૂલ કોંગ્રેસના નેતા અભિષેક બેનર્જીએ પશ્ચિમ બંગાળના કૂંચબિહાર મત વિસ્તારમાં જાહેર સભા સંબોધી હતી. તેમણે કહ્યું કે, જો તૃણમૂલ કૉંગ્રેસ સત્તામાં આવશે, તો રાંધણગેસના ભાવોમાં ઘટાડો થશે.

કોંગ્રેસે લોકસભા ચૂંટણી માટે ઝારખંડના ત્રણ ઉમેદવારોની યાદી જાહેર કરી છે. જેમાં ગોડ્ડા લોકસભા બેઠક પરથી દિપિકા પાન્ડે, છત્રા લોકસભા બેઠક પરથી ક્રિષ્ણાનંદ ત્રિપાઠી, અને ધનબાદ બેઠક પરથી અનુપમાસિંઘ ચૂંટણી લડશે.

તો લોકસભા ચૂંટણી પૂર્વે રાજસ્થાનના બહુજન સમાજ પાર્ટીના બે ધારાસભ્યો શિવસેનામાં જોડાઇ ગયા છે. મહારાષ્ટ્રના મુખ્યમંત્રી એકનાથ શિંદેની હાજરીમાં સાદુલપુરના ધારાસભ્ય મનોજકુમાર અને બરી વિધાનસભાના ધારાસભ્ય જસવંતસિંહ ગુર્જર શિવસેનામાં જોડાયા હતા.

## GUJ. NOMINATION

ગુજરાત લોકસભાની ચૂંટણીઓ માટે આજે ભારતીય જનતા પાર્ટી, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીના ઉમેદવારોએ પોતાના ઉમેદવારીપત્રો ભર્યા છે. જેમાં રાજકોટ બેઠક પરથી ભાજપના ઉમેદવાર પરસોત્તમ રૂપાલા, અમદાવાદ પશ્ચિમ બેઠક પરથી દિનેશ મકવાણા, કચ્છ બેઠક પરથી ભાજપના વિનોદ ચાવડા સહિત અન્ય ઉમેદવારોએ પોતાના ઉમેદવારીપત્રો ભર્યા છે.

જ્યારે કોંગ્રેસ પાર્ટીમાંથી કચ્છના ઉમેદવાર નિતેશ લાલણ, ગાંધીનગર લોકસભાના ઉમેદવાર સોનલબેન પટેલ, સાબરકાંઠા બેઠક

પરથી તુષાર ચૌધરી, અમરેલી બેઠક પરથી જેનીબેન ઠુમર સહિત અન્યોએ ઉમેદવારીપત્રો ભર્યા છે.

જ્યારે ભાવનગર લોકસભા બેઠક પરથી આમ આદમી પાર્ટીના ઉમેદવાર ઉમેશ મકવાણાએ ઉમેદવારીપત્ર ભર્યું છે..

# PREZ- ECONOMY

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ કહ્યું છે છે કે, આર્થિક વિકાસ એ દેશની પ્રગતિનું મહત્વપૂર્ણ ઘટક છે. આજે ઇન્ડિયન ઇકોનોમિક સર્વિસના પ્રોબેશનર્સ જૂથના અધિકારીઓને સંબોધતા તેમણે આ મુજબ જણાવ્યું હતું...

શ્રી મુર્મુએ કહ્યું કે, બૃહદ અને સૂક્ષ્મ આર્થિક સૂચકાંકોને પ્રગતિના ઉપયોગી ધોરણો ગણવામાં આવે છે, તેથી સરકારી નીતિઓ અને યોજનાઓને અસરકારક તેમજ ઉપયોગી બનાવવામાં અર્થશાસ્ત્રીઓની ભૂમિકા મહત્વપૂર્ણ છે. તેમણે ઉમેર્યું કે, ભારત વિશ્વની ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બનવા તરફ આગળ વધી રહ્યું છે, ત્યારે દેશની ક્ષમતા વધારવા તેમજ તેનો સંપૂર્ણ ઉપયોગ કરવા માટે આવનારા સમયમાં અસંખ્ય તકો હશે.

રાષ્ટ્રપતિએ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે તેઓ આ તકોનો યોગ્ય લાભ ઉઠાવીને દેશના વિકાસમાં મહત્વપૂર્ણ યોગદાન આપશે. રાષ્ટ્રપતિએ જણાવ્યું હતું કે, ડેટાના વિશ્લેષણ અને પુરાવા આધારિત વિકાસ કાર્યક્રમોના અમલીકરણથી સરકારને લોકોના આર્થિક ઉત્થાનને વેગ આપવામાં મદદ મળી છે.

## REV ISRAEL- IRAN CONFLICT

પરમાણુ ઊર્જા સંબંધી બાબતોનું નિરીક્ષણ કરનાર સંયુક્ત રાષ્ટ્રની સંસ્થા આંતરરાષ્ટ્રીય પરમાણુ ઊર્જા એન્જી– IAEA એ ઇઝરાયેલ દ્વારા ઇરાનના પરમાણું સ્થાનો પર હુમલાની આશંકા વ્યક્ત કરી છે.

આંતરરાષ્ટ્રીય પરમાણુ એજન્સીના મહાનિદેશક રાફેલ ગ્રોસીએ આ મામલે ધીરજ વર્તવાની અપીલ કરી છે. તેમણે કહ્યું કે, ઇરાને ઇઝરાયેલ દ્વારા મોટા પાયે મિસાઇલ અને ડ્રોન હુમલાની આશંકાને જોતા પોતાના પરમાણુ યુનિટોને અસ્થાઈ ધોરણે બંધ કરી દીધા છે.

આ તરફ ઇઝરાયેલના પ્રધાનમંત્રી બેન્જામિન નેતન્યાહૂએ ઇરાનના હુમલા સામેની પ્રતિક્રિયામાં કાર્યવાહી કરવા બાબતે નિર્ણય લેવા બીજી યુદ્ધ મંત્રણા બેઠક બોલાવી હતી. છેલ્લા 24 કલાકમાં તેમણે આ મામલે બીજી બેઠક બોલાવી હતી. જોકે ઇઝરાયેલની સરકારે આ મામલે કોઈ નક્કર પગલાંની જાહેરાત કરી નથી. જોકે ઇઝરાયેલ ડિફેન્સ ફોર્સિસના ચીફ ઑફ જનરલ સ્ટાફ લેફ્ટનન્ટ જનરલ હેરજી હલેવીએ કહ્યું છે કે ઇઝરાયેલ ઇરાનના મિસાઇલ અને ડ્રોન હુમલાનો જવાબ જરૂરથી આપશે. તો ઇરાન તરફથી પણ સંકેત અપાયા છે કે તે આ મામલે આગળ કોઈ કાર્યવાહી નહીં કરે.

## ONION – SRILANKA

ભારત સરકારે શ્રીલંકાને દસ હજાર ટન ડૂંગળી નિકાસ કરવાની મંજૂરી આપી છે. સાથે જ સંયુક્ત અરબ અમીરાતને નિકાસ માટે દસ હજાર ટન ડૂંગળીનો વધારાનો જથ્થો પણ નિકાસ કરવાના મંજૂરી

આપી છે. વિદેશ વેપાર મહાનિદેશાલયે આ બાબતની નોટિફિકેશન જાહેર કરી છે. જેમાં કહેવાયું છે કે, સંયુક્ત અરબ અમીરાતને પહેલાથી જ 24 હજાર, 400 ટન ડૂંગળી ઉપરાંત વધુ દસ હજાર ટન ડૂંગળી નિકાસ કરાશે.

## IMD- WEATHER

ભારતીય હવામાન વિભાગે આગમી ઉત્તર પૂર્વીય ભારતના કેટલાક ભાગોમાં કરાં સાથે છૂટોછવાયો વરસાદ પડવાની સંભાવના વ્યક્ત કરી છે. 18થી 21 એપ્રિલ દરમિયાન જમ્મૂ કાશ્મીર, લદ્દાખ, ગિલગિટ બાલ્ટિસ્તાન, મુઝફ્ફરાબાદ, હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડમાં હળવો વરસાદ પડી શકે છે. જ્યારે કે પંજાબ, હરિયાણા, દિલ્હી, પશ્ચિમી ઉત્તર પ્રદેશ, રાજસ્થાનના કેટલાક ભાગોમાં ગાજવીજ સાથે વરસાદ પડી શકે છે.

આ સાથે આવતીકાલથી જ દેશના કેટલાક ભાગોમાં હિટવેવની વર્તાશે. 17 એપ્રિલથી ગોવા, મહારાષ્ટ્ર અને ગુજરાતનાં વિવિધ ભાગોમાં હિટવેવની સ્થિતિ રહેશે. પૂર્વીય તટિય વિસ્તારો ઉપરાંત આંધ્ર પ્રદેશ, તેલંગાણા અને પુડુચેરીમાં 18 એપ્રિલ સુધી, જ્યારે કે ઓડિશા તેમજ પશ્ચિમ બંગાળમાં 20 તારીખ સુધી હિટવેવની સ્થિતિ રહેશે. આગામી ત્રણ દિવસ સુધી મધ્ય, પૂર્વ અને દક્ષિણ ભારતમાં મહત્તમ તાપમાનમાં બેથી ચાર ડિગ્રીનો વધારો થઈ શકે છે.

## EKTA BISNOI- POWELIFT

ભારતીય ખેલ પ્રાધિકરણના ઉપમહાનિદેશક અને ફિટ ઇન્ડિયા ઝુંબેશને પ્રોત્સાહન આપનારા એકતા બિશ્નોઈએ પાવર લિફ્ટિંગમાં નવો રેકોર્ડ બનાવ્યો છે. તેમણે હૈદરબાદમાં રાષ્ટ્રીય સીનિયર પાવરલિફ્ટિંગ

ચેમ્પિયનશીપમાં ચંદ્રક જીત્યો છે. એકતાએ 50 વર્ષની વયે તેમનાથી અડધી વયની યુવતીઓ સાથે મુકાબલો કરતાં ડેડલિફ્ટમાં 165 કિલોગ્રામ વજન ઉઠાવીને રજત ચંદ્રક અને કાસ્ય ચંદ્રક જીત્યો હતો.

## AYODHYA- RAMNAVMI

આવતીકાલે રામનવમીની સમગ્ર દેશમાં ઉજવણી કરાશે ત્યારે અયોધ્યાના રામમંદિરમાં મંગળા આરતી બાદ સવારે સાડા ત્રણ વાગ્યાથી ભક્તો દર્શનનો લાભ લઇ શકશે.

શ્રી રામ જન્મભૂમિ તીર્થક્ષેત્ર ટ્રસ્ટના મહાસચિવ ચંપત રાયે માહિતી આપી છે કે, દર્શનનો સમય વધારીને 19 કલાક કરવામાં આવ્યો છે. ઉપરાંત 16 થી 19 એપ્રિલ સુધીના રામલલાના દર્શન અને આરતી માટેના તમામ પાસ રદ કરવામાં આવશે. મંદિરમાં આયોજિત તમામ કાર્યક્રમોનું લાઈવ ટેલિકાસ્ટ લગભગ 80 થી 100 સ્થળોએ કરવામાં આવશે. આ કાર્ય પ્રસારભારતી દ્વારા શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર વતી ભક્તોની સુવિધા માટે કરવામાં આવ્યું છે. ઉપરાંત મંદિર ટ્રસ્ટ દ્વારા પેસેન્જર સેવા કેન્દ્ર બનાવવામાં આવ્યું છે.

## UPSC- RESULTS

યુનિયન પબ્લિક સર્વિસ કમિશન-UPSC એ સિવિલ સેવા પરીક્ષા 2023ના અંતિમ પરિણામો જાહેર કરી દીધા છે. આ પરીક્ષામાં આદિત્ય શ્રીવાસ્તવ પહેલા સ્થાન પર રહ્યા હતા. તેઓ IIT કાનપુરના સ્નાતક વિદ્યાર્થી છે. તો અનિમેષ પ્રધાન બીજા સ્થાને રહ્યા હતા, જ્યારે કે દોનુરી અનન્યા રેડ્ડી ત્રીજા ક્રમાંકે છે. પરીક્ષામાં પાસ થનારા ટોચના 25

વિદ્યાર્થીઓમાંથી 10 વિદ્યાર્થિનીઓ જ્યારે 15 વિદ્યાર્થીઓ છે. કમિશને નિયુક્તિ માટે કુલ 1 હજાર, 16 ઉમેદવારોના નામની ભલામણ કરી છે. લગભગ 6 લાખ વિદ્યાર્થીઓએ UPSCની પરીક્ષા આપી હતી.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ UPSC પરીક્ષામાં પાસ થનારા વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવી હતી. એક સોશિયલ મીડિયા પોસ્ટમાં તેમણે લખ્યું છે કે, “વિદ્યાર્થીઓની પ્રખર મહેનત, દૃઢતા અને સમર્પણનું ફળ મળ્યું છે, જેનાથી જાહેર સેવા ક્ષેત્રે આશાસ્પદ કારકિર્દીની શરૂઆત થઈ છે. વધુમાં તેમણે ઉમેર્યું કે, વિદ્યાર્થીઓના પ્રયાસો આવનારા સમયમાં દેશના ભવિષ્યને આકાર આપશે.

## BIHAR- ACCIDENT

બિહારના પટણામાં કંકડબાગ વિસ્તારમાં એક માર્ગ અકસ્માતમાં સાત લોકોના મૃત્યુ થયા છે, જ્યારે કે અન્ય બેને ગંભીર ઈજા થઈ હતી. પોલીસના જણાવ્યું અનુસાર મુસાફરોથી ભરેલી એક ઑટોરિક્ષા મેટ્રો રેલ પ્રોજેક્ટની ક્રેન સાથે અથડાતા દુર્ઘટના સર્જાઈ હતી. મુખ્યમંત્રી નીતિશ કુમારે આ દુર્ઘટના મામલે દુ:ખ વ્યક્ત કર્યું હતું.